SRPP જવાનનો આપઘાત પહેલાનો દર્દ ભર્યો વીડિયો સામે આવ્યો

કહ્યું, મારે પત્ની સાથે બનતું નથી, મારા મોત માટે પાટલા સાળી અને તેનો ભાણેજ જવાબદાર': 'મારે અને મારી પત્નીને બનતું નથી હું મરી જાવ તો મારી પત્નીનો કોઈ હક નહિ'

રાજકોટ
રાજકોટમાં પોલીસ કમિશનર કચેરીમાં ફરજ બજાવતા SRP જવાન ગજુભા જિલુભા રાઠોડે (ઉ.વ.૫૦) પોતાની સર્વિસ રાઈફલથી છાતીમાં ગોળી મારી આપઘાત કર્યો છે. પોલીસ કમિશનર કચેરીના ગેટ નંબર ત્રણ પાસે મોડીરાતે બનાવ બન્યો હતો. જે બાદ તેમને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. જોકે, ત્યાં તેમનું મૃત્યુ નીપજયું હતુ. એસઆરપી જવાને કયા કારણોસર આપઘાત કર્યો તે અંગે પ્રદ્યુમનનગર પોલીસે તપાસ હાથ ધરી છે. જ્યારે સાંજે આપઘાત પહેલાં વાયરલ વીડિયો સામે આવે છે. જમાં એસઆરપી જવાન કહે છે કે, મારી પત્નીની બેન અને તેનો ભાણેજ મારા મોતના જવાબદાર છે.

આપઘાત પહેલાંના વીડિયોમાં SRP જવાને કહ્યું કે, જય માતાજી, હું ગજુભા જીલુભા રાઠોડ, મારા હોશો અવાજથી ક્વ છું ગમે ત્યારે હું મરી જાવ, બને તો હું ઘરે જઈને સોગંદનામું કરી આવીશ, મારી નોકરી એ ટાઈપની છે કદાચ રજા મળે ન મળે કદાચ મરી ગયો હોય હું ઘરે ન ગયો હોય તો મારા બા બાપુનો જમીનમાં મકાનમાં જે ભાગ છે એમાં મારે કોઈ લેવા દેવા નથી. મારે અને મારી પત્નીને બનતું નથી હું મરી જાવ તો મારી પત્નીનો કોઈ હક નહિ. મારો પણ હક નહિ. મારા બા બાપુનો જમીનનો જે જમીનનું જે ગરાસ આવ્યું એમાં મારી પત્ની કે મારો કોઈ હક નહિ. મારી પત્ની મારા ભેગી રહેતી નથી એની માં ના ઘરે રહે છે. જમીન મકાન એના પણ હક નહિ.

આ મામલે ગજુભા રાઠોડ સાથે ફરજ બજાવતા SRP જવાને કહ્યું કે, તેમની નાઈટ ડ્યુટી હતી. સાંજે ૭ વાગ્યાથી બીજા દિવસે સવારે ૭ વાગ્યા સુધીની ડ્યુટી હોય છે. તેમના અચાનક આપઘાતથી અન્ય જવાનો પણ સ્તબ્ધ થઈ ગયા છે. હાલમાં પ્રદ્યુમનનગર પોલીસની ટીમ તપાસ માટે પોલીસ કમિશનર કચેરી પહોંચી છે. જે રાઈફલથી SRP જવાને આત્મહત્યા કરી તે FSLની ટીમ દ્વારા કબજે લેવામાં આવી છે.

૨૨ વર્ષથી ફરાર આરોપીને રાજુલા પોલીસે પકડ્યો

ફોજદારી કેસના વોરંટમાં પાલીતાણાથી ધરપકડ કરાઈ

રાજુલા
રાજુલા પોલીસે ૨૨ વર્ષથી ફોજદારી કેસના પકડ વોરંટમાં ફરાર આરોપી બલવીરસંગ ઉર્ફે બલ્લુ રણજીતસંગ ચીકલીગરને પાલીતાણા ખાતેથી ઝડપી પાડ્યો છે.

ભાવનગર રેન્જ આઈ.જી.પી. ગૌતમ પરમાર અને અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા ગુના આચરી કોર્ટમાં હાજર ન રહેતા આરોપીઓને પકડી પાડવા સૂચનાઓ અપાઈ હતી. આવા આરોપીઓને કારણે ન્યાયિક પ્રક્રિયામાં વિલંબ થતો હોય છે.

નામદાર એડીશ્નલ સેશન્સ કોર્ટ, રાજુલાના ફોજદારી કેસ નંબર૧૨/૨૦૨૪માં આરોપી બલવીરસંગ વિરુદ્ધ ધરપકડ વોરંટ ઈસ્યુ થયું હતું. આ આરોપી છેલ્લા બાવીસ વર્ષથી કોર્ટમાં હાજર રહેતો ન હતો. સા.કુંડલા/ધારી ડીવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવીની સૂચના અને માર્ગદર્શન હેઠળ રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.ડી. ચાવડાએ ટીમ બનાવી હતી. હેડ કોન્સ્ટેબલ સુરેશ બાંભણીયા અને પોલીસ કોન્સ્ટેબલ શંભુ વાઘેલાને મળેલી બાતમીના આધારે કાર્યવાહી કરવામાં આવી. બાતમીના આધારે આરોપી બલવીરસંગ ઉર્ફે બલ્લુ રણજીતસંગ ચીકલીગરને પાલીતાણા ખાતેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગીરસોમનાથમાં પત્નીને છરીના ૭ ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી

વેરાવળમાં રિસામણે ગયેલી મહિલાને પતિએ રહેંસી નાખી, બાઈક અને હથિયાર મૂકી આરોપી ફરાર

વેરાવળ
વેરાવળ તાલુકાના ડારી ગામે આજે સવારે પારિવારિક વિવાદનો એક અત્યંત કરુણ અને હચમચાવી દેનારો બનાવ સામે આવ્યો છે. છેલ્લા પાંચ મહિનાથી પિયર રિસામણે રહેલી ૪૨ વર્ષીય પત્નીની તેના પતિએ છરીના સાત ઘા ઝીંકીને નિર્મમ હત્યા કરી દીધી હતી.

પરિણીતાએ પતિ સામે ભરણપોષણનો કેસ કર્યો હોવાનું પણ સામે આવ્યું છે. જ્યારે હત્યારો પતિ તેની બાઈક અને હથિયાર ફેંકીને નાસી છૂટ્યો હતો.

પતિ-પત્ની વિનોદ ધોળીયા અને ચંપાબેન ધોળીયા વચ્ચે ઘણા સમયથી

પારિવારિક કલેહ ચાલી રહ્યો હતો. વિનોદના ત્રાસથી કંટાળીને ચંપાબેને તેની સામે ભરણપોષણનો કેસ પણ નોંધાવ્યો હતો. મૃતક ચંપાબેન વિનોદ ધોળીયા (ઉંમર આશરે ૪૨ વર્ષ) છેલ્લા પાંચ મહિનાથી તેમના પિયર ડારી ગામે રિસામણે રહેતા હતા. આજે સવારે અચાનક પતિ વિનોદ ધોળીયા ચંપાબેનના પિયર ખાતે પહોંચ્યા હતા. અહીં તેણે પોતાની પત્ની ચંપાબેન પર ધારદાર છરી વડે આશરે સાત જેટલા ઘા ઝીંકી હુમલો કર્યો હતો.

પતિએ આડેધડ ઝીંકેલા છરીના ઘાના કારણે પરિણીતાને ગંભીર ઈજા પહોંચી હતી. હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા ચંપાબેનને તાત્કાલિક વેરાવળ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ફરજ પરના ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

અમરેલી જિલ્લામાં અસામાજીક પ્રવૃતિ કરનાર ઈસમો ઉપર કડક હાથે કાર્યવાહી

ભય જનક વ્યિકતને પાસા હેઠળ જેલમાં ધકેલતી અમરેલી એલ.સી.બી તથા અમરેલી સીટી પોલીસ ટીમ

મિલાપ રૂપારેલ
દ્વારાઅમરેલી તા.
અમરેલી
પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાતએ અમરેલી જિલ્લાવમાં અસામાજીક પ્રવૃતિ કરનાર ઈસમો ઉપર કડક હાથે કાર્યવાહી કરવા તેમજ શરીર-સબંધી ગુન્હાઓ કરવાની ટેવ વાળા અને ઘાતક હથિયારો સાથે નિર્દોષ નાગરીકોને દાદાગીરી, ધાક ધમકી આપી ઈજાઓ કરી જાહેર વ્યવસ્થો ખોરવતા અને ભયનું સામ્રાજય ફેલાવી આંતક મચાવતાં માથાભારે ઈસમો સામે પાસા-તડીપાર જેવા સખ્તવ પગલા લઈ

ગુન્હેગારોને કાયદાનું ભાન થાય, તેમજ જિલ્લામમાં કાયદો અને વ્યવસ્થો સુદઢ બને, તે માટે પાસા-તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા સુચના આપેલ હોય, જે અન્વયે અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. ડી.કે.વાઘેલાએ શરીર સબંધી ગુનાઓ કરવાની ટેવવાળા ભયજનક ઈસમ વિકી ભનુભાઈ વારવડીયા (રહે.અમરેલી, હનુમાનપરા રોડ, ગુણાતીતનગર) વિરૂધ્ધી પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્તર તૈયાર કરી, પોલીસ અધિક્ષક અમરેલી મારફતે જિલ્લા મેજિસ્ટ્રે ટ, અમરેલીનાઓ તરફ મોકલી આપેલ હતી. આવા ભયજનક વ્યક્તિની સમાજ વિરોધી અસામાજીક પ્રવૃતિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં, અમરેલી જિલ્લા મેજિસ્ટ્રે ટ વિકલ્પ ભારદ્વાજએ વિકી ભનુભાઈ વારવડીયા ઈસમ વિરૂધ્ધર પાસાનું વોરંટ ઈસ્યું કરતાં અમરેલી પોલીસ અધિક્ષકની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સી. વી.એમ.કોલાદરા તથા એલ.સી.બી. ટીમ દ્વારા વિકી ભનુભાઈ વારવડીયાને પાસા વોરંટની બજવણી કરી, પાલરા સ્પેશ્યલ જેલ, કચ્છ – ભુજ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

રાજુલા પાસેના મોટા આગરીયામાં ૬ વર્ષના બાળકને કારે હડફેટે લેતા ઈજા

રાજુલા
રાજુલાના મોટા આગરીયામાં બસ સ્ટેન્ડ આગળ ઘરેથી દુકાને ભાગ લેવા જઈ રહેલા ૬ વર્ષના બાળકને કાર ચાલકે હડફેટે લીધો હતો.બાળકને ઈજા પહોંચતા તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અકસ્માત બાદ કાર ચાલક નાસી ગયો હતો. રાજુલાના મોટા આંગરીયામાં રહેતા ગીતાબેન જગાભાઈ જાપડા (ઉ.વ.૩૫)એ કાર નંબર જી.જે.૧૪.બી.ડી-૪૬૮૪ના ચાલક સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે તેનો ૬ વર્ષિય દિકરો નવઘણ બાલવાટીકામાં અભ્યાસ કરે છે. શાળાએથી ઘરે આવ્યા બાદ તે પગપાળા દુકાને ભાગ લેવા જઈ રહ્યો હતો. ત્યારે કાર નંબર જી.જે.૧૪.બી.ડી-૪૬૮૪ના ચાલકે મોટા આગરીયાના બસ સ્ટેન્ડ આગળ રાજુલા-સાવરકુંડલા હાઈવે પર તેને હડફેટે લીધો હતો. અકસ્માતની આ ઘટનામાં નવઘણને ગંભીર ઈજા થતા તેને સારવાર અર્થે પ્રથમ રાજુલા અને બાદમાં વધુ સારવાર અર્થે મહુવા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.અકસ્માત બાદ કાર ચાલક નાસી ગયો હતો. આ અંગે રાજુલા પોલીસ મથકમાં કારના ચાલક સામે ગુનો નોંધાતા એએસઆઈ આર.કે.વરૂ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

જીથુડી ગામે ઈલેકટ્રીક શોક લાગતા ભેસનું મોત

અમરેલી તા.
અમરેલીના કુંકાવાવ તાલુકાના જીથુડી ગામે રહેતાં અને પશુપાલનનો વ્યવસાય કરતાં નારણભાઈ કડવાભાઈ લાંબરીયા ગત તા.૧૧ ના રોજ સવારના આશરે સાડા દસેક વાગ્યાના

આભાર - નિહારીકા રવિયા સમયે પોતાની ભેંસો જીથડી ગામના કેતનભાઈ વઘાસીયાના ખેતર પાસે આવેલ ગૌચરમા ચરાવતા હતા. અને ત્યા ગૌચરમા ચાલુ બે ઈલેકટ્રીક વીજપોલ આવેલ હોય જે થાંભલાની પાસે તાણીયા આવેલ હોય જે તાણીયા પાસે એક ભેસ ચરવા જતા તે ભેસને કોઈપણ રીતે અકસ્માતે આ તાણીયામાથી ઈલેકટ્રીક શોક લાગતા ભેસ આશરે કિમત રૂપિયા ૫૦.૦૦૦ નું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

જિલ્લામાં ૭ લોકો પાસેથી ૧૮ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો

અમરેલી
અમરેલી જિલ્લા પોલીસે દારૂબંધીના કાયદાનો કડક અમલ કરતાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું, જેમાં મોટી સંખ્યામાં કેફી પીણું પીધેલા ઈસમો અને દેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો. જિલ્લામાં સાત લોકો પાસેથી પોલીસે પીવાનો ૧૮ લીટર દેશી દારૂ જપ્ત કર્યો હતો. આ સિવાય જિલ્લામાંથી ૧૫ ઈસમો વગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. જિલ્લા પોલીસ વડાએ જણાવ્યું હતું કે જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા માટે દારૂબંધીના કાયદાનો ભંગ કરનારાઓ સામે આગામી દિવસોમાં પણ આવી કડક કાર્યવાહી સતત ચાલુ રહેશે.

અમરેલી જિલ્લામાં વધુ ચાર સાયબર ફ્રોડની પોલીસ ફરિયાદ

અમરેલી જિલ્લામાં આ ધકતો ધંધો ચાલતો હોવાની શંકા વચ્ચે વધુ શખ્સો સામે વધુ પોલીસ ફરિયાદ નોંધાય તો પણ નવાઈ પામવા જેવું રહેશે નહીં

મિલાપ રૂપારેલ દ્વારા
અમરેલી તા.
અમરેલી જિલ્લામાં રોજબરોજ આરોપીઓ દ્વારા સાયબર ક્રાઈમથી થતી છેતરપીડી (સાયબર ફ્રોડ)ના રૂપીયા પોતાના બેન્ક ખાતામાં જમાં કરાવી અને ખાતામાં જમાં થયેલી રકમ સગેવગે કરવાં સવાબની પોલીસમાં ફરિયાદ નોંધાતી હોય છે. ત્યારે ગઈકાલે પણ એક સાથે આવી પાંચ પાંચ ફરિયાદ નોંધાયા બાદ વધુ ચાર પોલીસ ફરિયાદ નોંધાતાં અમરેલી જિલ્લામાં આ ધકતો ધંધો ચાલતો હોવાની શંકા વચ્ચે વધુ શખ્સો સામે વધુ પોલીસ ફરિયાદ નોંધાય તો પણ નવાઈ પામવા જેવું રહેશે નહી.

પ્રથમ બનાવમાં અમરેલી તાલુકાના ચાંપાથળ ગામે રહેતાં બીપીનભાઈ નાનજીભાઈ સમાણવા રહે.ચાંપાથળ નામનાં આરોપીએ સાયબર ક્રાઈમથી થતી છેતરપીડી (સાયબર ફ્રોડ)ના રૂપીયા પોતાના જીછ્ઈ મ્છઙ્ઘ્ ઙ્ખ દ્વૈછ છ/ઝ ર્દ્ગ.૪૩૯૮૫૩૭૮૩૧૩ તથા દ્વૈછઙ્ઘ મ્છઙ્ઘ્ છ/ઝ ર્દ્ગ.૬૮૦૬૨૩૭૮૭૩ માં ગત તા.૨૩/૪ થી તા.૨૪/૪/૨૫ સુધીમાં કુલ રૂપિયા૨૯,૬૭,૭૯૩ વારંવાર જમા કરી તથા કરાવી તે રૂપીયા સાયબર ક્રાઈમ ફ્રોડ તથા છેતરપીડીના હોવાનું જાણવા છતા પોતાના એકાઉન્ટમાંથી આ રૂપિયા મેળવી આ રૂપીયા અલગ અલગ રીતે વારંવાર ટ્રાન્સફર કરી તથા કરાવી તેમજ એ.ટી.એમ. અને ચેક દ્વારા વિડ્રોલ કરી આ રૂપીયા સગેવગે કર્યા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

બીજા બનાવમાં ખાંભા તાલુકાના મોટા બારમણ ગામે રહેતાં શામજીભાઈ ખીમજીભાઈ શેખાએ પોતાનું જી.મૈં.(સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા) નું એકાઉન્ટ નંબર-નં.૩૭૨૬૬૩૮૨૩૭-૯ માં અન્ય ખાતા ધારકોના સાઈબર ફ્રોડના કુલ રૂપિયા ૫.૪૫.૦૦૦ ગત તા.૭/૯/૨૫ ના રોજ અલગ-અલગ ટાઈમે એક કરતા વધુ વખત પોતાના એકાઉન્ટમાં જમા થતા હોવાનું જાણવા છતાં પોતાના ખાતામાં બદદાનતથી મેળવી પોતાના આર્થિક ફાયદા સારૂ તે પૈસા ઉપાડી લઈ તે નાણાં સંગેવગે કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

ત્રીજા બનાવમાં બાબરા તાલુકાના કીડી ગામે રહેતાં આરોપી દિનેશભાઈ રાઘવભાઈ ગોલાણીએ પોતાના એસ.બી.આઈ. બાબરાના એકાઉન્ટ નં.૪૪૨૮૧૧૬૯૫૯૩ માં ગત તા.૨૦/૮ થી તા.૧૪/૧૧/૨૫ સુધીમાં અલગ અલગ તારીખે સાયબર ફ્રોડના કુલ રૂપિયા ૧,૦૧,૫૦૦ એસ.બી.આઈ. બેંક બાબરાના એકાઉન્ટમાથી સગેવગે કરવા સારૂ પોતાના નામનુ એસ.બી.આઈ બેંકના ખાતાનો ઉપયોગ કરી આ ખાતામાં સાયબર ફ્રોડના રૂપીયા જમા થતા હોવાનું જાણવા છતા પોતાના આર્થીક ફાયદા સારૂ પોતાના નામથી ચાલતા આ ખાતામાં સાયબર ફ્રોડના રૂપીયા ઈ્જી, દ્વઈહ્, સ્જી થી સાયબર ફ્રોડના રૂપીયા જમા કરાવી પોતના બેંક ખાતામાં મેળવી આ ખાતામાંથી સગેવગે કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

ચોથા બનાવમાં બાબરા તાલુકાના કીડી ગામે રહેતાં આરોપી જયસુખભાઈ કાન્તીભાઈ ઝાપડીયાએ પોતાના બેંક એકાઉન્ટમા સાયબર ફ્રોડના કુલ રૂપિયા ૨,૬૫,૦૫૧ એકાઉન્ટમાં ગત તા.૨૬/૧૨/૨૩ થી તા.૪/૧૨/૨૫ સુધીમાં અલગ અલગ તારીખે એસ.બી.આઈ. બેંક બાબરા શાખાના એકાઉન્ટ નં.૩૯૭૮૬૨૮૩૧૨૨ ખાતાનો ઉપયોગ કરી આ ખાતામાં સાયબર ફ્રોડના રૂપીયા જમા થતા હોવાનું જાણવા છતા પોતાના આર્થીક ફાયદા સારૂ પોતાના નામથી ચાલતા બેંક એકાઉન્ટના ખાતામાં સાયબર ફ્રોડના રૂપીયા મેળવી ખાતામા ફ્રોડના પૈસા જમા કરી તથા કરાવી પોતાના આર્થિક લાભ સારૂ બેંકમાંથી પૈસા ઉપાડી સગેવગે કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

લોન-સબસિડીની લાલચ આપી દામનગરના વેપારી સાથે ૪૬ લાખની છેતરપિંડી

જયપુરમાં ગોંધી રાખી બેંક ખાતાનો ઉપયોગ કર્યો

મિલાપ રૂપારેલ દ્વારા અમરેલી તા.
લાઠી તાલુકાના દામનગર ગામે રહેતાં એક વેપારીને રૂપિયા ૨૫,૦૦,૦૦૦ કે તેનાથી વધુ રકમની લોન તથા ૩૫% સબસીડી કરાવી આપવાની લાલચ આપી વેપારીને જયપુર ખાતે બોલાવી હોટલમાં ગોંધી રાખી વેપારી પાસેના મહિલા ગૃહ ઉદ્યોગ સહકારી મંડળીનું અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક દામનગર શાખાનું કરન્ટ ખાતું મેળવી લઈ તે બેંક ખાતામાં વેપારીને જણાવ્યા વગર રૂપિયા ૪૬,૬૪,૫૯૭ ના ટ્રાન્જેક્શન કરી સાયબર ફ્રોડના નાણા જમા કરી તમામ નાણા પોતાની મેળે સગેવગે કરી વેપારી સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.આ બનાવમાં લાઠી તાલુકાના દામનગર ગામે આવેલ ગોકુળધામ સોસાયટીના તીર્થ રેસીડેન્સીમાં રહેતાં ગજાનંદ ભરતગીરી ગૌસ્વામી નામનાં ૨૩ વર્ષીય વેપારી યુવકને આરોપી એક હિન્દી ભાષી મોબાઈલ નં.+૬૩ ૯૩૦૭૬૦૧૭૯૫ નો ઉપયોગ કરનાર પુરૂષ તથા રાજસ્થાન ખાતે હોટેલમાં મળેલ અજાણ્યા ઈસમો તથા બેંક ખાતું વાપરનાર ઈસમો વાળાઓએ એકબીજા સાથે મળી મદદગારી કરી પૂર્વ આયાજીત કાવતરૂ રચી, વેપારીને રૂપિયા ૨૫,૦૦,૦૦૦ કે તેનાથી વધુ રકમની લોન તથા ૩૫% સબસીડી કરાવી આપવાની લાલચ આપી ગત તા.૧૫/૮/૨૫ ના રોજ થી તા.૨૧/૮/૨૫ ના રોજ વેપારીને જયપુર ખાતે બોલાવી હોટલમાં ગોંધી રાખી વેપારી પાસેના ગાયત્રી મહિલા ગૃહ ઉદ્યોગ સહકારી મંડળીનું અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક દામનગર શાખાનું કરન્ટ ખાતા નં.૬૯૩૦૦૮૦૦૧૩૪૨ નું ખાતું મેળવી લઈ તે બેંક ખાતામાં વેપારીને જણાવ્યા વગર રૂપિયા ૪૬,૬૪,૫૯૭ના ટ્રાન્જેક્શન કરી સાયબર ફ્રોડના નાણા જમા કરી તમામ નાણા પોતાની મેળે સગેવગે કરી વેપારી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

રાજુલા હોસ્પિટલ ચોક ખાતે ઝાડની ડાળી તૂટી પડતાં અફરાતફરી: તંત્રની લાપરવાહી સામે રોષ

રાજુલા
રાજુલા શહેરના હોસ્પિટલ ચોક વિસ્તારમાં આજે સરકારી હોસ્પિટલ પાસે આવેલા એક જોખમી ઝાડની મોટી ડાળી અચાનક તૂટી પડતા અફરાતફરી મચી ગઈ હતી. સદભાગ્યે, તૂટેલી ડાળી નીચે બે બાઈક સવાર માંડ-માંડ બચી ગયા હતા, અન્યથા મોટી દુર્ઘટના સર્જાઈ હોત. આ ઝાડ લાંબા સમયથી નમેલું અને જોખમી બન્યું હોવા છતાં તંત્ર દ્વારા કોઈ પગલાં લેવાયા નહોતા. ડાળી તૂટ્યા બાદ સ્થાનિક લોકોએ જ આગેવાની લઈને રોડ પરનો અવરોધ દૂર કરીને માર્ગ ખુલ્લો કર્યો હતો. વેપારીઓના જણાવ્યા મુજબ, જો આખું ઝાડ તૂટી પડશે તો રોડ પર આવી પડવા ઉપરાંત હોસ્પિટલની દિવાલોને પણ નુકસાન પહોંચાડી શકે છે. આ અંગે તંત્રને અનેકવાર જાણ કરવા છતાં, પ્ફઝન્, જંગલ વિભાગ અને નગરપાલિકા

જવાબદારી એકબીજા પર ઢોળી રહ્યા હતા, જેના કારણે કાર્યવાહી અટકી પડી હતી. સ્થાનિક વેપારીઓ અને નાગરિકોમાં તંત્રની આ લાપરવાહી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. હાલ ઝાડ વધુ જોખમી સ્થિતિમાં હોવાથી લોકોએ તાત્કાલિક ઝાડ હટાવીને સંભવિત અકસ્માત ટાળવા માટે ઝડપી પગલાં લેવાની ઉગ્ર માગણી કરી છે.

ઈ–ટેન્ડરીંગ જાહેર નિવિદા નં.૪ સને (૨૫–૨૬) ટુંકી મુદત વધારો સુધારો (આઠમો) પ્રસિધ્ધ કરવા
(મા. મ.પંચાયત વિભાગ રાજકોટ)

કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન પંચાયત વિભાગ, જિલ્લા પંચાયત. રાજકોટ દ્વારા **બીયુજે/એમએમજીએસવાય/૨૪–૨૫ સદર પેકેજ.૧ ના કામો ૧ (એક) ની અંદાજિત કિમત રૂા.૭૬.૦૦ લાખ છે.જે કામ માટે બી–કલાસ અને સ્પે. રોડ કેટેગરી–૩ અને ઉપર જરૂરી નોધણી ધરાવતા ઈજારદારશ્રી પાસેથી** મંગાવવા માટે ઓન લાઈન ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડર ડોકયુમેન્ટ ડાઉનલોડ કરી ઓનલાઈન ભરવાની **ની છેલ્લી તા.૧૯/૧૨/૨૦૨૫ રહેશ** વેબ સાઈટ **http://tender.nprocure.com** પર જોઈ શકાશે તેમજ ટેન્ડરો ભરી શકાશે. ઈ.એમ.ડી.(એફડીઆર) ૬ માસ (૧૮૦ દિવસની) માન્ય ગણવામા આવશે, શેડયુલ બેકની સોલ્વશી ચાલુ કેલેન્ડર વર્ષની માન્ય રાખવામા આવશે. કોઈ પણ એક અથવા બધાજ ટેન્ડરો રદ કરવા અંગે ના અધિકાર જિલ્લા પંચાયત રાજકોટને અબાધિત રહેશે.
માહિતી/રાજ-સુધારો-૧૪૨૬/૨૫/૨૬

સૌરાષ્ટ્ર આજતક Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.